નં. ચિ.જમન-૧-વશી-૪૧૩૩-૯૭
કલેકટર કચેરી, અમરેલી
તા. ૧-૧-૯૮

વંચાણમાં લીધા :

૧/ પ્રમુખશ્રી અમરેલી જીલ્લા લેઉઆ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરતની તા. -૧૨-૯૭ ની અરજી
૨/ મહેસુલ વિભાગના પત્ર ક્રમાંક-જમલ-૧૦૯૭-૫૦-૯૦-ખ, તા. ૧૨-૧૨-૯૭
૩/ કૃષિ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક-તસક-૪૨૯૭-એમ-૫૯-ક-૬ તા. ૧૧-૧૨-૯૭
૪/ મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક-જમન-૧૩૯૭-૩૨૮૬-અ તા. ૩૧-૧૨-૯૭
૫/ મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક-૧૯૭૦-૪૫ તા. ૧૭-૧૦-૧૯૪૭
૬/ મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક-એલએનડી-૩૮૫૦-૭૫૧૧૭-બી તા. ૭/૮/૧૯૫૬

॥ હુકમ ॥

(૧) પ્રમુખશ્રી અમરેલી લેઉઆ પટેલ ચેરી ટેબલ ટ્રસ્ટ, સુરત એ તારીખ -૧૨-૯૭ ની અરજીથી અમરેલીના સ.નં. ૫૨૬ ની બિયારણ વૃધ્ધિ કેન્દ્ર, અમરેલીની એકર ૨૩-૦૦ ગુંઠા જમીન કન્યા કેળવણી/શૈક્ષણિક હેતુ માટે મળવા સરકારશ્રીમાં માંગણી કરતા સરકારશ્રીના મ. વિભાગે તા. ૧૨-૧૨-૯૭ ની માંગણી અન્વયે દરખાસ્ત તૈયાર કરી મોકલવા જણાવેલ.

(૨) અમરેલીના સ.નં. ૫૨૬ પૈકી, એકર ૨૫-૦૦ ગુંઠા જમીન બીયારણ વૃધ્ધિ કેન્દ્ર માટે સંપાદન કરવામાં આવેલ હતી. બીયારણ વૃધ્ધિ કેન્દ્ર બંધ કરવામાં આવેલ હોય, સવાલવાળી જમીનની કૃષિ અને સહકાર વિભાગને જરૂરીયાત ન હોય, સરકારના કૃષિ અને સહકાર વિભાગે તા. ૧૧-૧૨-૯૭ ના ઠરાવથી ઉપરોકત જમીન/અસ્કયામત કલેકટરશ્રીના હવાલે મુકવા ઠરાવેલ છે. જે મુજબ સવાલવાળી જમીન સરકાર સદરે તા. ૧૩-૧૨-૯૭ દાખલ કરી કબજા સંભાળવામાં આવેલ તથા મ. વિ.ના તા. ૧૨-૧૨-૯૭ ના પત્ર અન્વયે સરકારશ્રીમાં દરખાસ્ત કરવામાં આવેલ.

(૩) સરકારશ્રીના મ. વિ.ના ઠરાવ ક્રમાંક-જમન-૧૩૯૭-૩૨૮૬-અ તા. ૩૧-૧૨-૯૭ થી અમરેલીના સ.નં. ૫૨૬ પૈકીની એકર ૨૩-૦૦ ગુંઠા, ૯૩૦૮૧-૦૦ ચો.મી. જમીન અમરેલી જીલ્લા લેઉઆ પટેલ ચેરી ટેબલ ટ્રસ્ટ, સુરતને શૈક્ષણિક હેતુ માટે આ જમીન પૈકી ૧૫૦૦૦-૦૦ ચો.મી. જમીન પ્રતિ ચો.મી.ના રૂા. ૩૭-૦૦ મુજબ કબજા કિંમત રૂા. ૫,૫૫,૦૦૦-૦૦ તથા ૭૮૦૮૧-૦૦ ચો.મી. જમીન, પ્રતિ ચો.મી.ના રૂા. ૭૪-૦૦ મુજબ કબજા કિંમત રૂપિયા ૫૭,૭૭,૯૯૪-૦૦ મળી કુલ રૂા. ૬૩,૩૨,૯૯૪-૦૦ (અંકે રૂપિયા ત્રેસઠ લાખ બત્રીસ હજાર નવસો ચોરાણુ પુરા) કબજા કિંમત તથા ઈતર વેરાઓ વસુલ લઈ મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક-૧૯૭૦-૪૫-તા. ૧૭-૧૦-૧૯૪૭ તથા ઠરાવ ક્રમાંક-એલએનડી-૩૮૫૦-૭૫૧૧૭-બી તા. ૭-૮-૫૬ ની જોગવાઈ અને અન્ય

પ્રવર્તમાન હુકમોની શરતોએ નવી અવિભાજ્ય વિક્રિયાદીત નિયંત્રિત શરતે આપવા મંજુરી આપેલ છે.

(૪) સરકારશ્રીના મ.વિ.ના તા. ૩૧-૧૨-૯૭ ના ઠરાવ અન્વયે અમરેલી જીલ્લા લેઉઆ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરતે સવાલવાળી જમીનની કુલ કબજા કિંમત રૂા. ૬૩,૩૨,૯૯૪-૦૦ (અંકે રુપિયા ત્રેસઠ લાખ બત્રીસ હજાર નવસો ચોરાણુ પુરા) સરકારશ્રીમાં ''૦૨૯ જમીન મહેસૂલ'' સદરે જમા કરાવી અસલ ચલન તા. ૧-૧-૯૮ ની અરજી સાથે અત્રે રજુ કરેલ છે.

સબબ, અમરેલીના સ.નં.૫૨૬ પૈકીની એકર ૨૩-૦૦ ગુઠા ૯૩૦૮૧-૦૦ ચો.મી. જમીન સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક-૧૯૭૦-૪૫ તા. ૧૭-૧૦-૧૯૪૭ તથા ઠરાવ ક્માંક-એલએનડી-૩૮૫૦-૭૫૧૧૭-બી તા.૭-૮-૧૯૫૬ ની જોગવાઈઓને આધીન નવી અવિભાજ્ય અને વિક્રિયાદીત નિયંત્રિત શરતોએ તથા મહેસૂલ વિભાગના તા. ૩૧-૧૨-૯૭ ના ઠરાવની શરતો તથા આ સાથેની વિશેષ શરતોને આધીન અમરેલી જીલ્લા લેઉઆ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરતને શૈક્ષણિક હેતુ માટે ફાળવવા આથી હુકમ કરવામાં આવે છે.

(૫) મંજુર કરેલ જમીનની એ ચોકકસ માપણી થયેથી ખુટ માપ સાથેનો પ્રત્યક્ષ કબજો સંબંધકર્તા સંસ્થાને સોંપવાનો પંચકયાસ કરવાની કામગીરી દિન-૧૫ માં મામલતદારશ્રી, અમરેલીએ પુરી કરી અત્રે જાણ કરવી તથા ફાળવેલ જમીનની નિયત નમુનામાં સનદ આપવાની કાર્યવાહી બીજા પંદર દિવસ મામલતદારશ્રીએ પુરી કરવી.

(૬) સવાલવાળી જમીન અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરાયેલ સ્પે.સી.એ.નંબર ૯૨૫૧/૧૯૯૭ નો ના.ગુજરાત હાઈકોર્ટનોઆખરી ચુકાદો અરજદાર ટ્રસ્ટને બંધનકર્તા રહેશે.

<u>વિશેષ શરતો</u> :-

૧/ સવાલવાળી જમીનનો ઉપયોગ માત્ર શૈક્ષણિક હેતુ માટે જ કરવાનો રહેશે. સરકારની પુર્વ મંજુરી વગર જમીન વેચાણ, ગીરો કે ભાડાપટ્ટે આપી શકાશે નહિ. બક્ષીસ, બોજો કે ભાગ પાડી શકાશે નહિ કે અન્ય રીતે તબદીલ કરી શકાશે નહિ.

૨/ ટ્રસ્ટે પોતાના ખર્ચે, માપણી ફી ભરી એક માસમાં ડી.આઈ.એલ.આર.શ્રી, અમરેલી પાસે આ જમીનની માપણી કરાવી લેવાની રહેશે.

૩/ આ જમીન ફકત શૈક્ષણિક હેતુ માટે જ આપવામાં આવે છે. આ સિવાય અન્ય કોઈ હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ.

૪/ આ જમીનનો નિયમ મુજબનો બીનખેતી આકાર તથા તે ઉપર લેવા પાત્ર તમામ વેરાઓ કર/સેસ વિગેરે નિયમિતદર વર્ષે ભરવાના રહેશે.

617

૫/ આ જમીન ઉપર શૈક્ષણિક હેતુનું બાંધકામ છ માસમાં શરૂ કરી બે વર્ષમાં પુરૂ કરવાનું રહેશે.

૬/ આ જમીનમાં સ્થાનિક સંસ્થા (નગરપાલિકા) ની બાંધકામ અંગેની પુર્વ મંજુરી/પરવાનગી મેળવી મંજુર થયેલ નકશા મુજબ બાંધકામ કરવાનું રહેશે.

૭/ મંજુર થયેલ જમીનમાં સરકારશ્રીના રેખા-નિયંત્રણ-નિયમો (રીબન ડેવલપમેન્ટ રૂલ્સ) નું પાલન કરી બાંધકામ કરવાનું રહેશે.

ઉપરની કોઈપણ શરત અથવા સરકારશ્રીના હુકમો, પરિપત્રો, ઠરાવો નો ભંગ થશે તો આ જમીન વિના વળતરે સરકાર હસ્તક લેવામાં આવશે.

મામલતદારશ્રી, અમરેલીએ ફાળવેલ જમીનનો અમરેલી જીલ્લા લેઉઆ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરતને કબજો સોંપી પાવતી મેળવી ઠરેલ નમુનામાં સનદ આપવાની કાર્યવાહી કરવાની રહેશે.

આ હુકમની નોંધ ગામ તથા તાલુકા રેકર્ડ રાખવી.

રવાના કર્યુ,

સહી/-
(એન.જે.દવે)
કલેકટર અમરેલી

નિવાસી નાયબ કલેકટર, અમરેલી

નકલ રવાના :-

૧/ નાયબ કલેકટરશ્રી, અમરેલી
૨/ મામલતદારશ્રી, અમરેલી
૩/ ડી.આઈ.એલ.આર.શ્રી, અમરેલી
૪/ સીટી સર્વે સુપ્રિ.શ્રી, અમરેલી
૫/ તલાટી-મંત્રીશ્રી, અમરેલી
૬/ પ્રમુખશ્રી, અમરેલી જીલ્લા લેઉઆ-પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત

નકલ સવિનય રવાના :-

નાયબ સચિવશ્રી, મહેસુલ વિભાગ "અ" શાખા, ગાંધીનગર તરફ
૨/ આપના તા.૩૧-૧૨-૯૭ ના ઠરાવ અન્વયે જાણ સારૂ.

-o-o-o-

TRUE COPY

Asst. Govt. Pleader
Addl. Public Prosecuter
AMRELI